# પ્લાસ્ટો-ઈન્ડિયા પ્રદર્શનને પગલે શહેરની તમામ હોટલો-ગેસ્ટહાઉસ હાઉસફુલ

ગાંધીનગર, તા. ૨

હેલીપેડ ગ્રાઉન્ડ પર આગામી ફેબ્રુઆરી માસમાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાના પ્લાસ્ટો ઈન્ડિયા એક્ઝીબીશનના પગલે શહેરની તમામ હોટલો, ગેસ્ટહાઉસ, સમાજની વાડીઓના રૂમ હાઉસફુલ થઈ ગયા છે. શહેરના હોટેલ બીઝનેસમાં અચાનક જ તેજી આવી ગઈ છે.

ગાંધીનગરમાં હવે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટસનું આયોજન થવા માંડ્યું છે. મહાત્મા મંદિર, હેલીપેડ ગ્રાઉન્ડ પર બનાવવામાં આવેલ વિશાળ એક્ઝીબીશન સેન્ટરના કારણે અહીં અવારનવાર હવે રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો, દિવસ અને વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે ભવ્ય પ્રદર્શન હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયુ હતુ. હવે ફેબ્રુઆરી માસમાં રાષ્ટ્રીય કક્ષાના પ્લાસ્ટો ઈન્ડિયા પ્રદર્શનનું આયોજન થઈ રહ્યું છે. જેમાં દેશભરના પ્લાસ્ટીક ઉત્પાદનના ઉત્પાદકો, વેપારીઓ અને સંશોધકો ખુબ મોટા પ્રમાણમાં ભાગ લઈ રહ્યા છે. પ્લાસ્ટો ઈન્ડિયા પ્રદર્શનના પગલે એક્ઝીબીટર્સની અવરજવર શહેરમાં શરૂ થઈ ચુકી છે. જેના કારણે શહેરના હોટલ ઉદ્યોગમાં એકાએક જ ખુબ તેજી આવી ગઈ છે. શહેરની ફાઈવસ્ટાર હોટલથી માંડીને સમાજની વાડીઓમાં આવેલા રૂમ બુક થઈ રહ્યા છે. મોટી હોટલોમાં જ્યાં નેટ પર બુકીંગ ઉપલબ્ધ છે ત્યાં તો છેક ડિસેમ્બર, જાન્યુઆરી માસથી રૂમના બલ્ક બુકીંગ થઈ ચુક્યા છે. હવે તો એવી પરિસ્થિતિ આવીને ઉભી રહી છે કે શહેરની એક પણ હોટલ કે ગેસ્ટહાઉસમાં સીંગલ રૂમ પણ છેક ૧૫મી ફેબ્રુઆરી સુધી ઉપલબ્ધ નથી.





શહેરમાં ૧૦૭ જેટલી વિવિધ કેટેગરીની હોટલ અને ગેસ્ટ હાઉસ આવેલા છે. આ ઉપરાંત ૩૨ જેટલા સરકારી કે અર્ધસરકારી ગેસ્ટ હાઉસ રૂમ્સ છે. ૩૨ જેટલી સમાજની વાડીઓમાં રૂમ્સ છે. આ તમામ રૂમ ૧૫મી ફેબ્રુઆરી સુધી બુક થઈ ગયા છે. હોટલો, ગેસ્ટ હાઉસની સાથે જ આ એક્ઝીબીશન દરમ્યાન શહેરની રેસ્ટોરન્ટમાં પણ ખુબ ભીડ રહેશે. ટેક અવે ફુડની માંગ પણ આ દિવસો દરમ્યાન ખુબ રહેશે. વાઈબ્રન્ટ સમિટ બાદ પુનઃ પ્લાસ્ટો ઈન્ડિયા એક્ઝીબીશનો યોજાઈ રહ્યા છે. હજુ જાન્યુઆરી માસમાં જ મહાત્મા મંદિર ખાતે પ્રવાસી ભારતીય એક્ઝીબીશનના પગલે શહેરમાં ચહલપહલ વધી ગઈ છે અને હોટલ ઉદ્યોગમાં તેજી આવી ગઈ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગ્રીષ્મના આગમનના એંધાણ - ગાંધીનગર ગ્રીષ્મ અને ગરમાળો એક-મેકથી સંકળાયેલા છે... ગ્રીષ્મના આગમનના એંધાણ ગાંધીનગરના માર્ગો પર ગરમાળાના વૃક્ષો પર દેખાય છે... ગરમાળાના ફૂલના મ્હોર આજકાલ લચી પડ્યા છે... આ મ્હોર જ્યારે ફૂલ બનશે ત્યારે ગાંધીનગરના માર્ગોની શોભા ખીલી ઉઠશે...

# સે. ૩૦માં જ-૨ કક્ષાના આઠ બ્લોક તોડી પડાશે

## અન્ય સેક્ટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડવાના મામલે વિભાગ કક્ષાએ દરખાસ્ત પેન્ડીંગ

ગાંધીનગર, તા. ૨

સે. ૩૦માં જ-૨ કક્ષાના વિવિધ ૮ જેટલા બ્લોક તોડવાનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાની મંજુરી અપાયા બાદ તબક્કાવાર મકાનો તોડવાના કામમાં વિલંબ થઈ રહ્યો છે. તંત્ર કક્ષાએથી રજુ કરાયેલી દરખાસ્તો હજુ વિભાગમાં પેન્ડીંગ છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. વિવિધ સેક્ટરોમાં અંદાજિત ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળ જાહેર કરવામાં આવ્યા હતા. આ પૈકી સે. ૭ તેમજ સે. ૩૦માં અગાઉ નિકાલ હેઠળના કેટલાક બ્લોક તોડવામાં આવ્યા હતા જ્યારે સે. ૧૬માં પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વે એક બ્લોક તોડી પાડવામાં આવ્યો હતો. નિકાલ હેઠળના જોખમી બ્લોકમાં શ્રમજીવીઓ વસવાટ કરતા હોવાનુ ધ્યાને આવતા અગાઉ આ મકાનો તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# સંસદસભ્યો ધારાસભ્યોના પડતર સંદર્ભ પત્રોનો નિકાલ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૨

સાંસદસભ્યો અને ધારાસભ્યોના સંદર્ભ પત્રો લાંબા સમયથી પડતર છે તે વિભાગોને પડતર પત્રોનો તાકીદે નિકાલ કરવા માટેની તાકીદ કરવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં સંસદ સભ્યો અને ધારાસભ્યો દ્વારા વિભાગોને લખવામાં આવતા પડતર સંદર્ભ પત્રો અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ સમીક્ષા દરમ્યાન રાજ્ય સરકારના ધ્યાન પર એવુ આવ્યું હતું કે કેટલાક વિભાગોમાં આવા સંદર્ભ પત્રો એક માસથી પડતર છે. તો કેટલાક વિભાગોમાં આવા સંદર્ભ પત્રો નિકાલ કર્યા વગર લાંબા સમયથી પડતર પડ્યા છે.

આ બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને જે વિભાગોમાં સંસદ સભ્યો અને ધારાસભ્યોને સંદર્ભ પત્રો લાંબા સમયથી પડતર છે તેવા વિભાગોને આવા પડતર સંદર્ભ પત્રોનો ઝડપથી નિકાલ કરવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત તમામ વિભાગોના વડાઓને સમયાંતરે વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરીને સંસદસભ્યો, ધારાસભ્યોના સંદર્ભ પત્રોની સમીક્ષા કરીને સમયસર નિકાલ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી છે.

# ગાંધીનગર તાલુકાનો લોકસંવાદ સેતુ ૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાનો લોક સંવાદ સેતુ ૯મી ફેબ્રુઆરીના રોજ જિલ્લા સેવા સદન ખાતે યોજવામાં આવશે.

આ લોક સંવાદ સેતુમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ તેમજ પ્રભારી સચિવશ્રી મહાવીરસિંહ ડાગુર હાજર રહેશે. આ લોકસંવાદ સેતુમાં પ્રજાને તેમની ફરિયાદો ૫ મી ફેબ્રુઆરી સુધીમાં લેખિતમાં મોકલી આપવા જણાવાયુ છે.

મામલતદારશ્રી, ગાંધીનગરની કચેરીની યાદી જણાવે છે કે, સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૬-૨૦૧૪ના પરિપત્રથી આપેલ સૂચના મુજબ ગાંધીનગર તાલુકાનો 'લોક સંવાદ સેતુ (લોક દરબાર)' કાર્યક્રમ તા. ૯-૨-૨૦૧૫ના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન જિલ્લા સેવા સદન, પ્રથમ માળે, મીટીંગ હોલ ખાતે રાખવામાં આવેલ છે. જે કાર્યક્રમ અંતર્ગત પ્રજાની ફરિયાદો, રજૂઆતોનો સમય મર્યાદામાં નિરાકરણ થાય અને પ્રજાના સ્થાનિક પ્રશ્નો અને ફરિયાદો લઈને જિલ્લા કચેરી અને સચિવાલય સુધી જવું ન પડે તે હેતુથી ગાંધીનગર તાલુકાના સમગ્ર નાગરિકોને જણાવવામાં આવે છે કે, આ કાર્યક્રમને લગતા આપના જે કંઈ પ્રશ્નો હોય તે તા. ૫-૨-૨૦૧૫ સુધીમાં લેખિતમાં મામલતદાર કચેરી, ગાંધીનગર ખાતે રજુ કરવાના રહેશે અને તે પ્રશ્નોનો ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી, પ્રબારી સચિવશ્રીની હાજરીમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં નિકાલ કરવામાં આવશે.

# આજે વિધાનસભા કોંગ્રેસ પક્ષની બેઠક

ગાંધીનગર, તા. ૨

કોંગ્રેસ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની મંગળવારના રોજ એક બેઠક મળનારી છે. જેમાં ભાજપ સરકારને ભીંસમાં લેવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યુંછે. આ સત્રને ધ્યાને રાખીને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની બેઠક કોંગ્રેસ દ્વારા બોલાવવામાં આવી છે.

વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં અને પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં કોંગ્રેસના ધારાસભ્યોની ઉજીએ મળનારી બેઠકમાં ભાજપ સરકારને કયા કયા મુદ્દાઓ ઉઠાવીને ભીંસમાં લેવી એ અંગે ચર્ચા વિચારણા કરીને આક્રમક વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં તાજેતરમાં જ કેટલાક શહેરોમાં ફેલાયેલા સ્વાઈન ફ્લુના રોગચાળાને ડામવામાં આરોગ્યતંત્રની નિષ્ફળતા અંગે ભરૂચના હાંસોટ ખાતે તેમજ બરોડામાં થયેલા કોમી તોફાનને લઈને કાયદો વ્યવસ્થાની સ્થિતિને વિપક્ષ કોંગ્રેસ મુખ્ય મુદ્દાઓ બનાવીને રાજ્ય સરકારને ભીંસમાં લેવાની વ્યુહરચના ઘડી કાઢનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે કોંગ્રેસના ધારાસભ્યોને પક્ષ દ્વારા આપવામાં આવનાર વ્હીપને અનુસરવા ઉપરાંત કેવા પ્રશ્નો પુછવા અંદાજપત્ર, માંગણીઓ પરની ચર્ચામાં સૌથી વધુ ભાગ લઈને રાજ્ય સરકારની નિષ્ફળતાઓને છતી કરીને સરકારને ભીંસમાં લેવા માટે પણ ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિપક્ષ કોંગ્રેસ કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમો આપીને રાજ્ય સરકારને ભીંસમાં લેવાનો પ્રયાસ કરશે.


દ્વિતીય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા

સ્વ. તા. ૩/૨/૧૩

આપનો અપાર સ્નેહ સુમેળભર્યો વ્યવ્હાર, કૌટુંબિક ભાવના, સર્વે પ્રત્યે અખૂટ લાગણી સાથેનો આપનો આનંદી અને માયાળુ સ્વભાવ, વ્યવ્હાર કુશળતા, સંસ્કાર અને સ્નેહ ભાવનાની સુવાસ કદી ભુલાશે નહી, આપનો નિઃસ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે, આપના પુણ્યશાળી આત્માને પરમકૃપાળુ પરમાત્મા દિવ્યશાંતિ અર્પે તેવી વંદના સહ......

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા

અમરીષસિંહ કેસરીસિંહ વાઘેલા | ધવલસિંહ કેસરીસિંહ વાઘેલા

પ્રવિણસિંહ ચંદનસિંહ વાઘેલા | પૃથ્વીરાજસિંહ કેસરીસિંહ વાઘેલા


# જિલ્લામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૫૮૯૬ વિદ્યાર્થીઓ આપશે

## ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા એપ્રિલમાં લેવાશે ૬૦૫૬ વિદ્યાર્થીઓની કસોટી થશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં લેવાનારી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં જિલ્લામાંથી ૫૮૯૬ વિદ્યાર્થીઓ બેસશે જયારે એપ્રિલમાં ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવાશે. જેમાં ૬૦૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આગામી માર્ચ મહીનામાં ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર એ પણ જરુરી તૈયારી શરુ કરી દીધી છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી ગાંધીનગરને બે નવા કેન્દ્રો ફાળવવાની દરખાસ્તને પણ મંજુરી આપી દેવાઈ છે. બોર્ડની પરીક્ષા દરમિયાન શાંતિ અને પારદર્શકતા જળવાય તે માટે પણ જરુરી આયોજન કરવામાં આવ્યું છે. ધો-૧૦ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ ઉપરાંત ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષાલક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આગામી તા. ૧૨ માર્ચથી શરુ થનારી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરીક્ષામાં ૫૮૯૬ વિદ્યાર્થીઓ બેસશે જયારે ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા એપ્રિલ મહીનામાં લેવાશે. જેમાં જિલ્લામાંથી ૬૦૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર એક મહીનો જ આડો રહ્યો હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષા લક્ષી તૈયારીમાં લાગી ગયા છે.



નગરની શોભા - ગાંધીનગરમાં માર્ગો અને મકાનો ભલે વધતા જાય... માનવ વસતી પણ વધતી જાય છે આમ છતાં હજુ પ્રાકૃતિક વૈભવ સમા મોર સલામત છે એ નગરનું સદભાગ્ય છે અને એ નગરની શોભા છે... ગાંધીનગરના જ-માર્ગ પર ખાસ કરીને સચિવાલય સંકુલ અને જ-માર્ગની વચ્ચે ૮૦ થી ૯૦ મોર વિહરે છે... નિયમિત એમને જાર નાખનારા પક્ષીપ્રેમીઓ પણ પ્રણામને પાત્ર છે... સવાર-સાંજ મોર અને ઢેલ સાથે વિહરતા જોવાની પળ નગરના ભાગ્યમાં છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પાંચ તાલુકા પંચાયતમાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ

અમદાવાદ, તા.૨

પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, મંગળવારે યોજાનારી નવરચિત તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણીમાં આજે ફોર્મ ભરવાના દિવસે ૦૬ પૈકી ૦૫ તાલુકા પંચાયતમાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ બન્યા છે. આ તમામ તાલુકા પંચાયતોમાં ભાજપની બહુમતિ નથી છતાં કોંગ્રેસના સભ્યો અને અપક્ષોએ ભાજપના ઉમેદવારોને સમર્થન કરતા અને કેટલાક સભ્યો ભાજપમાં જોડાતા નવરચિત ૦૫ તાલુકા પંચાયતમાં ગુરુડેશ્વર (નર્મદા), ડેસર (વડોદરા જીલ્લો), ઠાસરા (ખેડા), ધોલેરા (અમદાવાદ જીલ્લો), ગીરગઢડા (ગીરસોમનાથ)ની તાલુકા પંચાયતમાં ભાજપ સભ્યો પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે બિનહરીફ તરીકે ચુંટાયા છે. જ્યારે આવતીકાલે ૦૩ ફેબ્રુઆરીના રોજ યોજાનાર જોટાણા (મહેસાણા) તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચુંટણી થશે જેમાં ભાજપના સભ્યો વિજેતા બનશે તેઓ જાડેજાએ આશીર્વાદ વ્યક્ત કર્યો હતો.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


# જાહેર નોટીસ

જત ભારતીબેન અશ્વિનભાઈ સોલંકી, રહેવાસી — ન્યુ ઔડાના તળાવ પાસે, પ્રહલાદનગર, અમદાવાદના, એ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા ગાંધીનગરના ગામ મોજે ઉવારસદમાં આવેલ એકત્રિત સર્વે નં.૬૩૯/૨/અ (જુના સર્વે નં.૬૩૯/૨-અ, ૬૩૯/૨-બ, ૬૪૧/૧/૧, ૬૪૧/૧/૨ તથા ૬૪૧/૨-અ) ની કુલ ૨૨૮૬૩ ચો.મી. બીનખેતીની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં.૯ (ઉવારસદ-સરગાસણ-વાસણા હડમતીયા-તારાપુર-વાવોલ) માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૭ ની કુલ ૧૪૮૬૨ ચો.મીટર જમીનમાં બંધાયેલ જુદા જુદા બંગલાની સ્કીમ કે જે ''શાંતિ વીલા'' તરીકે ઓળખાય છે તે પૈકી બંગલા નં.૪૯ કે જેની જમીનનું ક્ષેત્રફળ ૧૮૩ ચો.વાર (જેમાં સ્કીમમાં મુકવામાં આવેલ આંતરીક રોડ, રસ્તા તથા કોમન પ્લોટની કુલ જમીન પૈકી વરાડે પડતા હિસ્સાની જમીનનો સમાવેશ થઈ ગયેલ છે) તથા તેના ઉપર આવેલ આશરે ૨૭૧ ચો.વાર (સુપર બીલ્ટઅપ) ના બાંધકામ વાળી મિલ્કત પોતાની માલિકી તેમજ કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તેમજ સદરહુ મિલ્કત અમારા અસીલને અઘાટ વેચાણ આપવાનું કબુલ કરેલ છે.

સબબ, આથી સર્વે લાગતા-વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ મિલ્કતના ટાઈટલ બાબતે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય અને તેના કારણે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તે અંગેની લેખિત જાણ અમોને પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન — સાત (૭) માં નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive) કરેલ છે. તેમ સમજી અમો સદરહુ મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપીશું. તેમજ સદરહુ મિલ્કત અમારા અસીલ અઘાટ વેચાણ રાખી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની આથી સર્વે લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર. — એફ.કે.લાખાણી, એસોસીએટસ્

તારીખ : ૩૧/૦૧/૨૦૧૫ — એડવોકેટસ્

૬૦૧, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર.


ADITYA BIRLA GROUP

લીકેજ—મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com